સત્યવાન અને સાવિત્રી

ભૂતકાળની નીરવ રહસ્યમયતામાં ભુલાઈ ગયેલા સંબંધોનું જેને ભાન નથી એવા અજ્ઞાન વર્તમાનમાં આ બે આત્માઓ કાળના માર્ગો પર મળ્યા.

આહ્‌લાદક સ્વરના પ્રથમ સાદે અને દૈવાદિષ્ટ પ્રથમ મુખદર્શને એમના આત્માઓને અન્યોન્યનું ભાન થઈ ગયું. ઇન્દ્રિયોની આડશ પાછળ રહેલો આત્મા આત્માને ઊંડાણમાંથી બોલાવતો હોય છે ને હૃદયને પ્રકટ કરતો શબ્દ અંતરાત્માનો આવિષ્કાર કરતી વાણી શોધતો હોય છે; પરંતુ મનનું અજ્ઞાન આંતર દૃષ્ટિની આડે આવે છે અને આપણી પાર્થિવ મર્યાદાઓમાં થઈ અલ્પમાત્ર બહાર પ્રકટ થવા પામે છે, ઊંડાણમાં પૂરેપૂરું ઓળખાણ હોવા છતાં તેની સ્મૃતિ વિલુપ્ત થઈ ગયેલી હોવાથી, એકતા સંવેદાતી હોવા છતાંય તે ચૂકી જવાય છે. આવી સ્થિતિમાં ઉભય મળ્યાં ને સત્યવાને સાવિત્રીને પ્રથમ સંબોધી :

"કાળનાં મૌનોમાંથી આવેલી અયિ! તું કોણ છે? તારા સ્વરે મારા હૃદયને અવિજ્ઞાત મહામુદા પ્રત્યે પ્રબુદ્ધ કર્યું છે. શું તું કોઈ અમર દેવી છે? કે માત્ર શરીરે જ મર્ત્ય દેખાય છે? પૃથ્વી કહે તેના કરતાં વધારે તારો આત્મા મને કહે છે ને તારી દૃષ્ટિ દ્વારા ઘણું વધારે મને ઘેરી લે છે. મનુષ્યોમાં તું કયે નામે ઓળખાય છે? વસંત ને મારાં વાસંતી પુષ્પોથીય તું વધારે પ્રફુલ્લ છે. સૂર્યપ્રકાશે તારું સુકુમાર સોનેરી શરીર ધારણ કર્યું છે? મારા આયુષ્યના એકાંત આલયોમાં તું ક્યાંથી આવી ચઢી છે? તને જોઈને લાગે છે કે મોટા મોટા દેવતાઓ પૃથ્વીલોકના મિત્રો બની ગયા છે.

સવાર-સાંજની શોભાઓમાં મારો યાત્રી આત્મા ઘણું ઘણું ફર્યો છે અને સામાન્ય દેખાતી વસ્તુઓમાં રહેલી અદ્‌ભુતતાએ એને ભાવવશ બનાવ્યો છે. પૃથ્વી પોતાની શકિતઓને મારાથી છાની રાખી શકી નથી. એના બહારના દેખાવોથી અંધ બન્યા વગર મારી દૃષ્ટિએ જોયું છે. પરિચિત દૃશ્યોમાંથી પ્રભુસ્વરૂપે મારી ઉપર મીટ માંડી છે. ઉષાનો વિવાહોત્સવ મેં વિલોકયો છે. પ્રભાતના પ્રહર્ષની સાથે મેં સ્પર્ધા કરી છે. તંદ્રામાં પડેલા તટો ઉપર હું ચાલ્યો છું. સૂર્યપ્રકાશની સોનેરી મરુસ્થલી મેં ઓળંગી છે. રાત્રિના આકાશમાં સરતા સુધાકરનો મેં સમાશ્રય લીધો છે. ભાલા ઉપાડીને કૂચકદમ કરતા તારાઓ સાથે મારો સમાગમ થયો છે. દિવસે અને રાત્રિએ છુપાવી રાખેલાં રૂપો મારી આગળ ઉઘાડાં કર્યાં છે. મેં અલૌકિક આકાશવાણીઓ સાંભળી છે, અપ્સરાઓને જલક્રીડા કરતી જોઈ છે, વનદેવતાઓનાં દર્શન કર્યાં

છે, કિન્નરોનાં ગાન સાંભળ્યાં છે. વાયુદેવતાઓ મારી આગળ પ્રકટ થયા છે, સૂર્યનાં રાજ્યોના રાજાઓ સ્વધામમાં દૃષ્ટિગોચર થયા છે. આ ઉપરથી અનુમાન કરું છું કે પારના પ્રભાતમાંથી પ્રકટ થઈને તું ઘોડા દોડાવતી ઇન્દ્રલોકમાંથી આવી છે. તારા માનવી સ્મિતનું માધુર્ય અને તારું સુવર્ણસુંદર હૃદય માનુષી મીટને ને પૃથ્વીજાયાના કંઠને પ્રત્યુત્તર આપી શકશે તો તે જાણીને મને અત્યંત આનંદ થશે. કાળે ક્લિષ્ટ બનાવેલા અમારા સ્નેહોને જો તું કળી શકતી હોય, પૃથ્વી ઉપરની સાદી વસ્તુઓ તને સુખ આપી શકતી હોય, આનંદના આલોક જેવું આ તારું સોનેરી સુકુમાર શરીર શ્રમો સાથે રમત રમી શકતું હોય, અમારા આહારોનો આસ્વાદ તને અનુકૂળ થઈ શકતો હોય, અમારાં અહીંનાં ઝરણાંના નિર્મળ મધુર જળનું પાન તને પ્રસન્ન કરી શકે તેમ હોય તો તારા રથમાંથી નીચે ઊતર અને અમારી અતિથિ બની જા. પાસે જ મારા પિતાજીનો આશ્રમ છે—લતાવિતાનોથી આચ્છાદિત અને ઊંચી વનરાજિઓમાં રહેતાં રંગબેરંગી વિહંગોના કલરવ ગાનથી ગાજતો. મધુમક્ષિકાઓના મંજુ ગુંજારવથી સત્કારાતી તું મારી સાથે વનના વૈભવી રાજ્યમાં પ્રવેશ પામ અને જ્યાં વૃક્ષોને ડોલાવતા વાયુઓ વાય છે, જ્યાંનાં જલો વિવાહનાં મંગલ ગીતો ગાય છે, જ્યાંના વનદેવતાઓએ માનવના જીવનને ગોદમાં લીધું છે, ઉષાઓ જ્યાં સોનેરી કિનારની લીલેરી સાડીએ સજ્જ થઈને આવે છે, સૂર્યપ્રકાશ અને છાયા મળીને મનોહર ચિત્રાકૃતિઓ રચે છે ત્યાં તારા વિશ્રામ માટેની શાલીન શાલાને સુખનિવાસ બનાવ."

એનાં વચનો હજીય જાણે સાંભળતી હોય તેમ સાવિત્રી જરા વાર થોભીને ધીરેથી બોલી :

" હું છું મદ્રદેશની રાજકુમારી સાવિત્રી. પણ તું કોણ છે? કયા સૂરીલા નામથી માણસો તને ઓળખે છે? કયા રાજમાન રાજવંશના રઢિયાળા વૃક્ષની સૌભાગ્યશાળી શાખા પર તું પુષ્પિત થયેલો છે? તારા તેજસ્વી યૌવનને માટે ઉચિત છે એવાં વીરચરિતોથી વંચિત તેં આ તપોવનમાં કયા ઉદ્દેશથી વાસો કર્યો છે?"

ને સત્યવાને ઉત્તર રૂપે સાવિત્રીને કહ્યું :

"હું છું મહારાજા દ્યુમત્સેનનો પુત્ર સત્યવાન. એકવાર જ્યાર એમની આંખોનું તેજ જગતને આંજી નાખતું હતું ત્યારે આ મહાવૃક્ષોની પાછળના લીલમવર્ણા વનથી માંડીને પેલા પહાડોને પડખે આવેલા ને છેક દક્ષિણદેશ સુધી પહોંચેલા પ્રદેશ ઉપર એમની આણ ફરતી હતી. પરંતુ ભાગ્યદેવીની અવકૃપા થતાં હવે એ અંતરના તેમ જ બહારના એકાંતમાં અહીં વાસો કરીને રહેલા છે. એમનો પુત્ર હું સત્યવાન પ્રકૃતિના સામ્રાજ્યનો સ્વામી બનીને અહીં એમની સેવામાં રહું છું. અહીંનાં સઘળાં સત્ત્વો અને તત્ત્વો મને અદ્‌ભુત અનુભવો આપે છે. પુરાતન માતા પ્રકૃતિએ મને ગોદમાં લઈ લીધો છે. હું હવે છું એકાંતનો અંતેવાસી. બાલ પ્રભુની સાથે મારો આનંદદાયી અંતરંગ સંબંધ છે. કુદરતનો મોટો રાજમહેલ મારો બન્યો

છે. સૂર્યદેવના સહસ્ર કરો મારે માથે મુકાયા છે. ચાંદની મારાં પોપચાંને ચૂમીને મને પોઢાડે છે. પૃથ્વીનાં પ્રભાત મારાં બની ગયાં છે. મહારણ્યના મર્મરો લોભાવીને મને લીલા લેબાસવાળાં ગહનોમાં ઘુમાવે છે. સમીરોના ને સલિલોના સ્વરો મને સાંભળવા ગમે છે. વિશ્વની વાણી તરફ હું કાન માંડું છું. અંતરમાં આહ્લાદિત રહેતો મારો આત્મા જાણે છે કે દેવત્વ આપણો જન્મસિદ્ધ હક છે.

આ લીલમ-લીલી આલમમાં આવતાં પહેલાંય એક અપૂર્વ અંતર્જ્ઞાને મને પૃથ્વી ઉપરની પ્રાણી-ચેતના પ્રતિ પ્રેર્યો હતો, અને અત્યારે તો હું એનો અંતરંગ સંગી બનીને અહીં અરણ્યમાં આવી રહેલો છું. અહીંનાં સજીવન સ્વરૂપો જાણે કે મારા આત્માના ઊંડાણમાં જ રહેલાં છે. મારા બચપણથી જ એક ચમત્કારી દૃષ્ટિએ મારો પીછો લીધો હતો, એક બાલ દેવતાએ મારો હાથ હાથમાં લીધો હતો. સૌન્દર્યનાં સત્ત્વો મારાં સહવાસી બન્યાં હતાં. અરણ્યના ઝડપી ઘોડા, ફાળો ભરતાં હરણાં, વીજવેગે ઝંપલાવતા કલકલિયા, સરોવરોમાં સરતા હંસો, પવનમાં કંપતાં પર્ણો, ચમકચાંચિયાઓ, મયૂરો અને ભાતભાતને રંગે રુચિર વિહંગમો, ઊડતાં પુષ્પો જેવાં પતંગિયાં મારા સ્મૃતિ પટ ઉપર સજીવ ચીતરાઈ ગયાં છે. પર્વતો અને પાદપો પ્રભુના વિચારનાં સંમૂર્ત્ત સ્વરૂપો જેવાં મને જણાયાં છે. શાશ્વતીના સ્વરલયો મને શ્રવણગોચર થતા રહ્યા છે. સનાતનનું સૂરીલું સંગીત મને તલ્લીન બનાવી દે છે.

આ સર્વ હોવા છતાંય હું પ્રભુના પિંડને આલિંગનમાં લઈ શક્યો નથી, જગન્માતાના ચરણોને આ હાથથી અર્ચવા પામ્યો નથી. માણસોમાં આત્માના વિચિત્ર અંશો મારા જોવામાં આવ્યા છે. દરેક જણ પોતામાં ને પોતાને માટે જ જીવતો હોય એવું મને જણાયું છે. ગહન ગુહામાં સનાતનનાં દર્શન મને થયાં નથી. પણ પ્રકૃતિ સાથે હું વાતો કરતો, તારાઓના ચિંતનમાં જોડાતો, પ્રભાતે સનાતનના સૂર્યને પ્રકાશરૂપે પધરાતો જોતો. મુનિઓ સાથે હું ધ્યાનમગ્ન બનતો, સર્વમાં રહેલા એકાત્માની ઝાંખી કરતો. પરંતુ સર્વત્ર પરાત્પરની ઊણપ જણાતી અને જડદ્રવ્ય એના પ્રભુ વિના પોઢેલું દેખાતું. આત્મા ઉદ્ધારાતો પણ દેહ મૃત્યુના મંડલમાં ને અવિદ્યાના આવાસમાં જ રહેતો.

“પણ હવે તું આવી છે એટલે બધું જ બદલાઈ જવાનું. તારી કાંચન કાયામાં મને જગદંબાનો અનુભવ થશે, તારા શબ્દો મને પરમેશ્વરીના પ્રજ્ઞાનની શ્રુતિઓ આપશે. શૂન્યાકારમાં સંભવેલું શિશુ હવે પ્રભુમાં પુનર્જન્મ પામશે. આત્માની માફક મારું શરીર પણ વિનિર્મુક્ત બની જશે. મૃત્યુમાંથી ને અવિદ્યાના અજ્ઞાનમાંથી મારો છુટકારો થશે.”

સાવિત્રી હજીય વિચાર મગ્ન હતી, ને એવી જ સ્થિતિમાંથી એ બોલી :

“બોલ, બોલ, સત્યવાન! વધારે બોલ. તારી પોતાની બાબતમાં બોલ, તું પોતે અંદરખાને કોણ છે તે સર્વ બાબત બોલ. આપણા આત્માઓના આવાસમાં આપણે હરહંમેશ સાથે જ રહેતાં હતાં એવું મને સંભળાવ. મારો અમર આત્મા

જે અનુભવે છે તેનું જ્ઞાન મારા હૃદયને ને મનનેય થાય એવો પ્રકાશ પાડ. જણાય છે કે જગત ઉપરનાં જથાબંધ રૂપોમાં જે એકને હું શોધતી હતી તે તું જ છે."

અને બીન જેમ આગ્રહભરી બંસરીને ઉત્તર આપે તેમ સત્યવાન વાણીના વિવિધરંગી તરંગોમાં પોતાનું હૃદય સાવિત્રીની પ્રતિ વહેવડાવવા લાગ્યો :

"ઓ અનવદ્ય સૌન્દર્યલક્ષ્મી, સુવર્ણ રાજકુમારી! મારા અધૂરા શબ્દોથી કહી શકાય તેના કરતાં ઘણું ઘણું વધારે મારે કહેવાનું છે. મારે માટે તું જે સર્વ છે ને પ્રેમને ઝબકારે મારી આગળ જે સર્વ પ્રકટ કર્યું છે તે સર્વ હું તને કહીશ. દેવોએ ઉઘાડી કરેલી એક ઘડીમાં જે સમીપતા મને પ્રાપ્ત થઈ છે તેણે મારા જીવનને નવે ઘાટે ઘડયું છે. તારે માટે જ મારો આત્મા પૃથ્વી ઉપર તૈયાર થતો રહ્યો હતો. એકદા પામરોની માફક હુંય જીવતો, પરંતુ ક્યારેક પરમ સત્યની ને ગૂઢ મહિમાની ઝાંખી થઈ જતી. અત્યાર લગી મનથી મેં જે જોયું છે ને જાણ્યું છે તેણે તો મૂળની રહસ્યમયતાને વધારે રહસ્યમયી બનાવી દીધી છે. સૌન્દર્ય અને કળા દ્વારાય મેં પ્રયત્ન કર્યો પણ જોયું કે અંદર રહેલી દિવ્યતાને કોઈ પણ રૂપ પ્રકટ કરી શકતું નથી. હું સૂર્યમાં નહિ પણ સૂર્યના કિરણમાં રહેતો હતો. હું જગતને જોતો ત્યારે આત્માને, ને આત્માને જોતો ત્યારે જગતને ગુમાવી બેસતો, મારાં જ અન્ય સ્વરૂપોને ને પ્રભુના શરીરને ખોતો.

પરંતુ હવે તારા ચરણોએ મને સોનાનો અંકોડો આપ્યો છે અને તારા મુખ ઉપરથી પ્રભુનો પ્રભાકર મારી ઉપર પ્રકાશ્યો છે. તારી સાથે ધ્યેય ધામનું બધું જ મારી પાસે આવ્યું છે. તારા જ્યોતિર્મય રથમાંથી ઊતર ને લગાર વધારે મારી પાસે આવ. અમારી આ ભૂમિની અવહેલના કરતી નહિ. ઓ મૂર્ત્તિમંત સંમુદા! સૌન્દર્યમયી મારી સાવિત્રી! મારા ને તારા—ઉભયના આનંદ માટે મારા જીવનમાં પ્રવેશ. અમારા આ કાનનકુંજમાં મારી પાછળ પાછળ આવ. ફૂલોની ફોરમમાં પંખીઓના કલરવ શોરને હમેશાં યાદ રહી જાય એવી પળને પ્રકટ થવા દે."

સત્યવાનના શબ્દોએ સાવિત્રીના આત્માને લલચાવીને હોઠ ઉપર હાજર કર્યો ને એ માત્ર આટલું જ બોલી :

"સત્યવાન! તારાં વચન મેં સાંભળ્યાં ને મને જ્ઞાન થયું છે. હવે હું જાણી ગઈ છું કે એકમાત્ર તું જ તે છે."

પછી એ રથમાંથી ઊતરી. એના અનેકરંગી રુચિર વસ્ત્રાભરણોએ લીલી ઘાસ ઉપર પોતાની પ્રભા પાથરી. ત્યાર બાદ કાનનકિનાર પરનાં થોડાં રંગબેરંગી પુષ્પો પર એના નાજુક હાથ પતંગિયાંની જેમ ફર્યા, ને થોડી વારમાં તો એની ઝડપી આંગળીઓએ એક વરમાળા ગૂંથી કાઢી અને પોતાના સમર્પિત જીવનના પ્રતીકરૂપ એને એણે સત્યવાનના કંઠમાં આરોપી દીધી. પછી જેમ કોઈ ભક્ત પોતાના ઇષ્ટદેવને પ્રણામ કરે તેમ સાવિત્રીએ સત્યવાનને પ્રણામ કર્યા. અને પ્રણામ સાથે પોતાના જીવનને તથા શરીરને સત્યવાનના આનંદ માટે અર્પણ કર્યાં. સત્યવાને

સમસ્ત સાવિત્રીને આશ્લેષમાં સમાવી દીધી અને આ આશ્લેષ ઉભયના આત્માઓના અંતરંગ આનંદમાં ઉપસંહાર પામી ગયો.

બે આત્માઓના મહામિલનની આ વિશાળ પળમાં સાવિત્રીનું સમસ્ત સત્ત્વ સરિતાની જેમ સત્યવાનના સત્ત્વના સાગર પ્રત્યે જઈ એમાં મળી ભળી ગયું. પ્રભુમાં જ્યારે જીવાત્મા પ્રલીન થઈ જઈ પ્રભુના પરમાનંદમાં રહે છે ત્યારે જેવું થાય છે તેવું સાવિત્રીની બાબતમાંય બન્યું. સત્યવાને સાવિત્રીને ને સાવિત્રીની સાથે સારાયે સંસારને પોતાની અંદર લઈ લીધો. ઉભય ઓતપ્રોત એકાત્મા બની ગયાં.

આમ આનંદસમાધિમાં એકમેકમાં લીન થયા પછી બન્ને એક નૂતન સ્વરૂપે નૂતન જગતમાં આવ્યાં. અન્યોન્યની એકાત્મકતાનાં ઉભયે અંશ બની ગયાં. જગત હવે એમના સંલગ્ન જીવનનું આસ્થાન કે વિરાટ ચોકઠું બની ગયું. પ્રારબ્ધે પ્રભાતના પરિવેષથી સનાતન સ્વામીના ને સ્વામિની વધૂના છેડા બાંધ્યા. વિશ્વનાટકના એક નવા અંકમાં આ એક બનેલ બેએ મહત્તર યુગનાં મંડાણ કર્યાં. આદર્શના અમર લોકમાં એક માનવ ક્ષણ સનાતન બની ગઈ.

સત્યવાન હવે એને આ મંગલ મિલનના સ્થાનકેથી પોતાના આશ્રમની દિશામાં દોરી ગયો અને નૈસર્ગિક સૌન્દર્યથી સુહામણી એની ભાવી પર્ણકુટી એને બતાવી. લીલમી શાંતિમાં વીખરાયેલે વાળે ઢળેલી કો વનદેવતા જેવી એ કુટીર જોઈને ને આસપાસ આવેલા તપસ્વીઓના ધ્યાનભાવે ભરેલા એકાંતથી સાવિત્રી સુપ્રસન્ન થઈ ગઈ, અને આનંદિત અંતરથી સત્યવાનની વિદાય લેતાં બોલી:

‘ અત્યારે તો મારે મારાં માતપિતાની પાસે જવું જરૂરી છે. પણ મારી યાત્રા કૃતાર્થ થઈ ગઈ છે. હું દૂર તો જઉં છું પણ જ્યાં હોઈશ ત્યાં મારું હૃદય તો આ પર્ણકુટીની પાસે જ રહેવાનું છે. અલ્પ સમયમાં જ મારા પિતાનો પ્રાસાદ એક પ્રિયજનના ચિરવિરહથી વ્યાકુલ બનશે. હું સત્વર પાછી આવી પહોંચીશ. આપણી એકાત્મકતા પ્રાપ્ત થયેલા પરમસુખથી કદીય વિખૂટી નહિ પડે. આપણા શ્વાસોચ્છ્વાસ ચાલતા રહેશે ત્યાં સુધી વિધાતાય આપણાં જીવનોને અળગાં કરી શકશે નહિ.”

સાવિત્રી રથે બેઠી ને દોડતે ઘોડે ઘર તરફ ઊપડી. પરંતુ આખે રસ્તે પેલી વનની કિનાર, શીળી સુવાસી કુંજઘટા અને ઊંચાં વૃક્ષોની વચમાં થઈ જતા માર્ગો પર પગલાં ભરતો સત્યવાન એની સ્મૃતિમાં રમતો રહ્યો. પોતાના આત્મા માટે દેવધામ બની ગયેલી પેલી એની કુટીરનું અલૌકિક દૃશ્ય સાવિત્રીની આંખ સામે આવ્યા કરતું રહ્યું.

પાંચમું પર્વ સમાપ્ત